PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૨૬૪૧-૧ તારીખ : 17-08-23

રજી. એડી. પત્ર

પ્રતિ,

શ્રી દિનેશભાઈ હંસરાજભાઈ સીદપરા

"ખોડીયાર નિવાસ", ૧૫૦ ફુટ રીંગરોડ મવડી પ્લોટ, રાધે હોટેલ પાછળ, જસરાજ નગર-3 E-Mail Id : ashokvasoya1978@gmail.com.

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૪

મોબાઈલ : ૯૯૭૯૯૭૬૫૪૩

વિષય : ખેતીવાડી SPA કનેકશનના SR નં.૧૫૫૩૧૦૯૩ માં ટાઈમ લીમીટ ન આપવા અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Email Dated , તા. ૧૩-૦૭-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૫/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લોધીકા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૫/ક્વા-૨/૨૩-૨૪/ ૨૯૪૧ -૧ તા. 17-08-23

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૫/ક્વા-૨/૨૩-૨૪, તા.૨૧-૦૧-૨૦૨૩

અરજદાર : શ્રી દિનેશભાઈ હંસરાજભાઈ સીદપરા, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર કે તેના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : પી.જી.વી.સી.એલ.. પીજીવીસીએલ તરફથી કોઈ હાજર રહેલ નથી.

## :: કોરમ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૩.૦૮.૨૦૨૩ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩.૦૮.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી દિનેશભાઈ હંસરાજભાઈ સીદપરા નવી મેંગણી ગામના રેવન્યુ સર્વે નં. ૫૭૪/૧ માં તેમના નામપરથી GP નં. ૩૨૩૨ થી ૦૫ (પાંચ) હોપાની અરજી કરેલ છે

૨.૧ પીજીવીસીએલ દ્વારા સદર અરજી SR નં. ૧૫૫૩૧૦૯૩ થી આઉટ વર્ડ નં. ૧૧૮૨ થી તા.૨૪.૦૪.૨૦૨૩ ના રૂ.૭૯૩૫=૦૦ ભરપાઈ કરવા માટે તેમના ઘરે RPAD દ્વારા ક્વોટેશન આવેલ હતું જેની છેલ્લી તા.૨૪.૦૫.૨૦૨૩ હતી જે નવી મેંગણી ગામે ગયેલ હતું અને અરજદાર રાજકોટ રહેતા હોય જેને કારણે ભાવપત્રકમા દર્શાવેલ તારીખ જતી રહેલ આ બાબતે લોધિકા પેટાવિભાગીય કચેરીએ ટાઈમ લીમીટ વધારી આપવા માટે SR નંબરમાં ઇન્વર્ડ નં. ૬૬૩ ટી તા.૨૨.૦૬.૨૦૨૩ ના રોજ વધારાની ૦૪ માસની મુદત વધારવા માટે અરજી કરેલ છે.

૨.૨ લોધિકા પેટાવિભાગીય કચેરીએ તપાસ કરતા અરજદારની ટાઈમ લીમીટ વધારી આપવા માટેની અરજી સર્કલ ઓફીસ રાજકોટ દ્વારા રદ કરવામા આવેલ છે તેવું અરજદારને જાણવામાં આવેલ અને તે બાબતે તેમના દ્વારા લોધિકા પેટાવિભાગીય કચેરીમાં ૦૮ વખત તપાસ કરેલ છે છેલ્લે તેમજી અરજી રદ કરેલ

છે, ખરેખર ખેતીવાડી કનેકશનમાં એક વર્ષ સુધીની ટાઈમ લીમીટ આપવાનો નિયમ છે આ તપાસ અરજદાર દ્વારા લક્ષ્મીનગર પીજીવીસીએલ કચેરીમાં કરેલ છે. ખેતીવાડી કનેકશનમાં મુદત મળે તો ૦૪ માસની મુદતં વધારાની અરજી કયા કારણથી રદ કરેલ છે તેનો ખુલાશો આપવા અને ખેડૂત ગામડીયા ગામના અજ્ઞાન ખેડૂત હોય જેના કારણે પીજીવીસીએલ અંગ્રેજીમાં ફર્મક્વોટેશન મોકલે છે જે વાચતા ન આવડતુ હોય જેના કારણે કનેકશનની તારીખ જતી રહેલ તેથી અરજદારે ૦૪ માસની મુદત SR નં. ૧૫૫૩૧૦૯૩ માં વધારી આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તેઓના પત્ર નં-૭૩૧૦ તા.૦૧.૦૮.૨૦૨૩ થી જણાવેલ છે કે અરજદારશ્રી દિનેશભાઈ હંસરાજભાઈ સીદપરા દ્વારા લોધિકા પટાવિભાગીય કચેરી ખાતે એસપીએ સ્કીમ અંતર્ગત નવી મેંગણી ગામના સર્વે નંબર ૫૭૪/૧ ના કુવા પર વિજજોડાણ મેળવવા માટે તા.૧૧.૧૧.૨૦૨૨ ના રોજ અરજી કરેલ હતી.

૩.૧ અરજદારની સદર અરજીના અનુસંધાને લોધિકા પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં.૧૧૮૨ તા.૨૪.૦૪.૨૦૨૩ થી અંદાજપત્ર પાઠવેલ હતું, જે સમયમર્યાદામાં ભરપાઈ કરેલ ન હતું તથા અરજી નં.૬૬૩ તા.૨૨.૦૬.૨૦૨૩ થી અંદાજપત્રમાં ૦૪ માસની મુદત વધારવા માટે લોધિકા પેટાવિભાગીય કચેરી ખાતે અરજી અપાયેલ હતી.

૩.૨ અરજદારની અંદાજપત્ર ભરપાઈ કરવાની મુદત વધારવાની અરજી અનુસંધાને સબંધક પેટાવિભાગીય કચેરી દ્વારા ઈ-ઉર્જામાં ટાઇમ લીમીટ વધારવા માટેની પ્રોસેસ કરેલ હતી, તેની મંજુરી અધિક્ષક ઇજનેરશ્રી રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી દ્વારા તા.૧૭.૦૭.૨૦૨૩ થી અપાયેલ હોવાથી અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરેલ છે. આમ અરજદારની ફરિયાદનું સુખદ નિવારણ થયેલ છે, જે અનુસંધાને અરજદારે લેખિત સમંતિ હેઠળ પુરસીસમાં સહી કરી આપેલ છે. આમ, અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની મુદ્દા નં ૨.૦ થી ૨.૨ મુજબની વિગતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૦ થી ૩.૨ મુજબની વિગતે અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોય, ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારની સદર અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |